# નગર રચના અધિકારીની કચેરી

## અમદાવાદ નગર રચના યોજના એકમ-૧,અમદાવાદ

હિમાલયા બિઝનેસ સેન્ટર,ઓફીસ નં. ૨૭ થી ૩૦, બીજો માળ, બી.આર.ટી.એસ.સ્ટેન્ડની પાછળ, આર.ટી.ઓ.સર્કલ,
સુભાષ બ્રિજ, અમદાવાદ-૩૮૦૦૨૭

ન.ર.યો.નં.૪૦૫(શીલજ-આંબલી)/કેસ નં.૭૪/૧૧૫૯-૨ તા.૦૭/૦૯/૨૦૨૧

પ્રતિ,
ચીફ સીટી. પ્લાનરશ્રી,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,
સીટી પ્લાનીંગ ખાતુ,
દાણાપીઠ,અમદાવાદ.

**વિષય :-** મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૦૫ (શીલજ-આંબલી)માં મોજે-શીલજના બ્લોક નં./ રે.સર્વે નં. ૬૮૨/પૈકી +૬૮૫ અંતિમખંડ નં. ૭૪ માં વિકાસ પરવાનગી અંતર્ગત અભિપ્રાય પાઠવવા બાબત.

**સંદર્ભ :-** આસી. સીટી પ્લાનરશ્રી, અ.મ્યુ.કો. ના પત્ર નં. સીપીડી/અ.મ્યુ.કો/જન./ઓ.પી.૬૫૫, તા.૦૧/૦૩/૨૦૨૧.

ઉપરોકત વિષયે સવિનય જણાવવાનું કે સંદર્ભ તળેના પત્રથી પાઠવી આપેલ પ્રકરણના અનુસંધાને જણાવવાનું કે, સરકારશ્રી દ્વારા મંજુર થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૦૫ (શીલજ-આંબલી) ની દરખાસ્ત નીચે મુજબ છે.

| રે.સર્વે નંબર | મુળખંડ નંબર | મુળખંડનું ક્ષેત્રફળ ચો.મી. | અંતિમખંડ નંબર | અંતિમખંડનું ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|
| ૬૮૨/પૈકી + ૬૮૫ | ૭૪ | ૧૬૬<br>૧૫૧૮<br>૧૬૮૪ | ૭૪ | ૧૦૧૦ |

ઉકત મુસદ્દારૂપ નગર રચના યોજનાની સુનાવણી દરમ્યાન જમીન માલિકો/હિત સંબધકો તરફથી આવેલ રજુઆતો/વાંધા-સુચનો, રજુ થયેલ આધાર-પુરાવા વગેરે ગુણવત્તાના ધોરણે ચકાસી માનનીય મુખ્ય નગર નિયોજકશ્રી દ્વારા આપવામાં આવેલ કામચલાઉ પુનઃરચના યોજનાની દરખાસ્તના પરામર્શ મુજબ અત્રેથી મુળખંડની સામે નીચે મુજબ અંતિમખંડ ફાળવવા વિચારેલ છે.

| રે.સર્વે નંબર | મુળખંડ નંબર | મુળખંડનું ક્ષેત્રફળ ચો.મી. | અંતિમખંડ નંબર | અંતિમખંડનું ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|
| ૬૮૨<br>+ ૬૮૫ | ૭૪ | ૬૦૨<br>૧૫૧૮<br>૨૧૨૦ | ૭૪ | ૧૨૭૨ |

અંત્રે રજુ કરેલ લે-આઉટ પ્લાનમાં મુળખંડ નં.૭૪ (ક્ષેત્રફળ- ૨૧૨૦ ચો.મી.) ની હદો લીલા રંગથી તથા અંતિમખંડ નં. ૭૪ (ક્ષેત્રફળ- ૧૨૭૨ ચો.મી.) ની હદો અને માપો લાલ રંગથી સુધારી દર્શાવેલ છે. જે ધ્યાને લઈ નીચે મુજબ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

૧) લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ મુળખંડ તથા અંતિમખંડની હદો, ક્ષેત્રફળ વિગેરે બાબતે નગર રચના અધિકારી દ્વારા યોજના અંતિમ કરતા સમયે તથા સરકારશ્રી દ્વારા યોજના મંજુર કરતા સમયે જે ફેરફાર કરવામાં આવે તે અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.

૨) નગર રચના યોજનાના મુળખંડની માલિકી તથા ક્ષેત્રફળની વિગતો રેવન્યુ રેકર્ડ મુજબ ધ્યાને લીધેલ છે. તેમજ મુળખંડમાં એક કરતા વધુ માલિકો હોય તેવા કિસ્સામાં અંતિમખંડમાં માલિકોના હકક-હિસ્સા તેઓના મુળખંડમાં રહેલ હકક-હિસ્સાના પ્રમાણમાં રહેશે.

૩) સર્વે.નં. ૬૮૨ +૬૮૫ રેવન્યુ રેકર્ડને લગતા બીજા હકક ધારકના હકકો તેની સામે ફાળવેલ અંતિમખંડ નં. ૭૪ માં ચાલુ રહેશે.

૪) મુળખંડની માલિકી અંગેની ચકાસણી તેમજ કોર્ટ મેટર બાબતે વિગતવારની ચકાસણી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવાની રહેશે.

૫) લે-આઉટની તથા બાંધકામના પ્લાનની વિગતવાર તાંત્રિક ચકાસણી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવાની રહેશે.

૬) હાલની દરખાસ્ત મુજબ મુળખંડ નં.૭૪ ની સામે ફાળવેલ અંતિમખંડ નં. ૭૪ ની જમીનમાં વિકાસ કરતા પહેલા મુળખંડની કપાતમાં જતી જમીનનો કબજો સોપ્યા બાદ વિકાસ કરવાનો રહેશે.

૭) સવાલવાળી જમીનને હાલમાં કાયદેસરનો સ્વતંત્ર એપ્રોચ રોડ મેળવવાની જવાબદારી જમીન માલિકોની રહેશે તેમજ બીજાની જમીનમાંથી કબજો લેવાની જવાબદારી પણ જમીન માલિકોની રહેશે તેમજ અંતિમખંડના ડીમાર્કેશનની ખરાઈ ડી.આઈ.એલ.આર.ની સાથે અને અત્રેની કચેરીના તાંત્રિક શાખાના કર્મચારી સાથે રહીને કરવાની રહેશે.

૮) યોજના અંતિમ કરતી વખતે નગર રચના અધિકારીશ્રી તથા યોજના મંજુર કરતી વખતે સરકારશ્રી દ્વારા તેમાં ફેરફાર સુચવવામાં આવે તો અરજદારને તે બંધનકર્તા રહેશે.

૯) મંજુર અમલી રીવાઈઝ વિકાસ નકશાની દરખાસ્ત અને સંકલિત સામાન્ય વિકાસ નિયંત્રણના નિયમો મુજબ સદર અંતિમખંડમાં બાંધકામની પરવાનગી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનએ આપવાની રહેશે.

૧૦) વધુમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ,૧૯૭૬ માં સરકારશ્રી દ્વારા અધિનિયમની કલમોમાં વખતો વખત થયેલ સુધારાને ધ્યાને લઈને આગળની ઘટીત કાર્યવાહી,સદરહું અભિપ્રાય અન્વયે કરવાની રહે.

આ સાથે રજુ થયેલ પ્લાનની એક નકલ તથા અન્ય દસ્તાવેજી પુરાવા અત્રેની કચેરીના રેકર્ડ સારૂ રાખી બાકીની બે(૨) નકલમાં હાર્ડ તથા સોફ્ટ કોપી આ સાથે બિડાણ કરેલ છે. સદરહું વિકાસ પરવાનગી પ્રકરણે આપશ્રીની તરફથી જે કોઈ નિર્ણય લેવાય તો તેની જાણ તુરત જ અત્રેની કચેરીને અચુક કરવા વિનંતી છે.

**બિડાણ-:ઉપર મુજબ**

**નગર રચના અધિકારી**
**પ્રવર નગર નિયોજક**
**અમદાવાદ નગર રચના યોજના એકમ-૧**
**અમદાવાદ**


| PROPOSED LAY OUT PLAN OF SUR NO - 682,685 | |
|---|---|
| T.P.S. NO: 405 (SHILAJ ) ,OP.NO - 74 , F.P.NO - 74 | |
| AT: SHILAJ ,TA : GHATLODIYA, DIST: A'DABAD. | |
| SCALE : 1 cm = 4m | ZONE : RESI-1 |
| AREA TABLE :- | IN SQ.MT. |
| S.NO - 682+685 AREA | 1684.00 |
| O.P.NO - 74 AREA | 1684.00 |
| F.P.NO - 74 AREA | 1010.00 |

COLOUR NOTE


- SUR BOUNDARY
- O.P.BOUNDARY
- F.P.BOUNDARY

| નગર રચના યોજના નં. ૪૦૫(શીલજ–આંબલી) | | | | | |
|---|---|---|---|---|---|
| કામચલાઉ પુનઃરચનાની દરખાસ્ત | | | | | |
| કેસ નંબર | સર્વે નંબર | મુળખંડ નંબર | મુળખંડનું ક્ષેત્રફળ | અંતિમખંડ નંબર | અંતિમખંડનું ક્ષેત્રફળ |
| ૭૪ | ૬૮૨ + ૬૮૫ | ૭૪ | ૬૦૨ ૧૫૧૮ ૨૧૨૦ | ૭૪ | ૧૨૭૨ |






LAY OUT PLAN
SCALE : 1CM = 4M




KEY PLAN
SCALE: 1CM = 20M

ONWER

PRAFUL A. SHRIMALI
AMC Lic No.: Er.020502092IR3
31, Tejanand Society, B/h. Market Yard,
O.N.G.C. Road, Kalol-382721.

ENGINEER

The approval is subject to Condition that the Boundaries of the Final plot shall be as settled and decided upon by the T.P.O. T.P.Scheme No.૪૦૫, શીલજ-આંબલી Ahmedabad/as amended by the Govt. of Gujarat while sanctioning the T.P.Scheme

Openion for T.P. Scheme Proposals Subject to the conditions mentioned under this office letter No. ......... Dated 09/08/2022

Senior Town Planner
Town Planning Officer
Ahmedabad Town Planning Scheme
Unit-1, Ahmedabad

AUTHORITY